રે.દિ.મુ નં. ૪૬/૨૦૨૪
જુનો રે.દી.મુ.નં.૪૨/૨૦૨૪

*************************************************************************************

## –:: આંક–પ ની મનાઈ અરજ લગત હુકમ ::–

*************************************************************************************

(૧).. વાદી દ્વારા સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧–૨ તથા કલમ–૧૫૧ હેઠળ કામચલાઉ મનાઈ હુકમની હાલની અરજી આપી જણાવેલ છેકે, તેઓ વાદીના લગ્ન પ્રતિવાદી નં.૧૪ સાથે ગઈ તા.૨૮/૦૪/૨૦૧૪ ના રોજ સમાજના રીત–રીવાજ મુજબ તથા હિન્દુ શાસ્ત્રોકત વીધી મુજબ જોટાણા મુકામે લગ્ન થયેલા ત્યારથી તેઓ વાદી પ્રતિવાદી નં.૧૪, ના કાયદેસરના પત્ની બનેલા અને તેમના ત્યાં રહી લગ્નજીવન ભોગવેલુ અને સદરહું લગ્નજીવનથી તેઓ વાદીને એક દીકરાનો જન્મ થયેલ જેનુ નામ પ્રિન્સ છે. જે હાલમા તેઓ વાદી પાસે છે. તેઓ વાદી પ્રતિવાદી નં.૧૪, ના સાથે લગ્ન કર્યા બાદ મોજે ઈજપુરા (જેઠાજી), તા.જોટાણા, જી.મહેસાણા તેમના ઘરે રહેવા માટે ગયેલા.સદરહું કામના પ્રતિવાદી નં.૧ થી ૧૨, અને નં.૧૫, ૧૬ આ કામના પ્રતિવાદી નં.૧૪, ના કુંટુબીજનો થતા હોઈ તેઓ તેઓને સારી રીતે ઓળખે છે. સદરકામના પ્રતિવાદી નં.૧૩, તથા પ્રતિવાદી નં.૧ નાએ તેઓને તેમના ત્યાં શરૂઆતમા સારી રીતે રાખવામા આવેલા પરંતુ થોડાક સમય બાદ આ કામના પ્રતિવાદી નં.૧૪, તથા ઘરના સભ્યોએ તેઓને ખોટી રીતે શારીરીક, માનસિક ત્રાસ આપતા તેઓને કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર ઘરમાંથી કાઢી મુકેલ ત્યારબાદ તેઓએ મે.મહેસાણાના ત્રીજા એડી.જયુડી.ફ.ક. મેજી.સાહેબશ્રીની કોર્ટમા હિન્દુ મેરેજ પીટીશન નં.૦૯/૨૦૧૯, થી હિન્દુ મેરેજ એકટની કલમ–૯, મુજબ લગ્ન હકકો ભોગવવાની અરજી કરતા નામદાર કોર્ટે તેમની અરજી ગઈ તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ મંજુર કરેલી. ત્યારબાદ તેઓ અરજદારે પ્રતિવાદી નં.૧૩ તથા તેમના પરીવાર વિરૂધ્ધ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૨ મુજબ ક્રિ.પ.અ.નં. ૭૧૯/૨૦૨૧ થી ભરણપોષણ મેળવવા સારૂ અરજી દાખલ કરતા નામદાર કોર્ટ ગઈ તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ તેમની અરજી મંજુર કરી તેઓ અરજદારને ભરણપોષણના માસીક રૂા.૬,૦૦૦/– તથા મકાન ભાડાના રૂા.૨,૦૦૦/– પુરા તથા માનસીક ત્રાસના રૂા.૨૫,૦૦૦/– પુરા ચુકવી આપવાનો હુકમ કરેલ. ત્યારબાદ તેઓ અરજદારે સદરહું ભરણપોષણની રકમ લેવા સારૂ મે.મહેસાણાના ચીફ.જયુડી.મેજી.સાહેબની કોર્ટમા ક્રિ.પ.અ.નં. ૧૦૦૯/૨૦૨૩ થી રૂા.૧,૮૬,૦૦૦/– પુરા લેવા સારૂ અરજી દાખલ કરેલ છે. જેની કાનુની કાર્યવાહી હાલમા ચાલુ છે. પ્રતિવાદીની મોજે ઈજપુરા (જેઠાજી), તા.જોટાણા, જી.મહેસાણા મુકામે

ખાતા નં.૨૮૯, કે જેનો રે.સર્વે નં.૨૧, કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૨–૭૦–૦૯ ચો.મી આકાર રૂા.૧૩.૭૪ પૈસા વાળી તેમજ ખાતા નં.૯૯૭, કે જેનો રે.સર્વે નં.૮ કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૦૨–૨૪–૦૬ ચો.મી. આકાર રૂા.૧૪.૫૭ પૈસા વાળી જમીન પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મજીયારી, અવિભકત, મિલકત આવેલ છે. સદરહું જમીનમા તેઓ વાદીઓ પ્રતિવાદી નં.૧૩, ના સીધીલીટીના કાયદેસરના વારસદારો હોઈ વારસાઈ હકકે તેમનો હકક હિસ્સો સમાયેલો છે. સદરહું જમીનમા તેઓએ પ્રતિવાદીઓને સદરહું જમીનમા તેમનુ નામ દાખલ કરાવવા સારૂ વાત કરતા તેઓએ તેઓને સ્પષ્ટ ના પાડેલ અને સદરહું મિલકતો બીજાના નામે ટ્રાન્સફર કરવાની ધમકીઓ આપેલ છે અને તેઓ વાદીઓનો કાયદેસરનો હકક ડુબાડવાનો પુરા પ્રયત્ન કરે તેમ છે. જેથી ના છુટકે અને નાઈલાજે તેઓ વાદીઓનો સદરહું જમીનોમા વારસાઈ હકક ઠરાવવા સારૂ હાલનો દાવો કરવાની જરૂર પડેલ છે. સદરહું દાવાના પેરા નં.૫ મા દર્શાવેલ જમીનમા તેઓ વાદીઓ કાયદેસરના સીધીલીટીના વારસદાર છે. તેમનો કાયદેસરનો હકક,હિસ્સો ડુબી જાય તેમ છે. તેઓ વાદીનો ખેડુત તરીકેનો કાયમી હકક નષ્ટ થાય તેમ છે. જેથી પ્રતિવાદીઓ સદરહું જમીન બીજા કોઈના નામે ટ્રાન્સફર કરે કરાવે નહી કે સદરહું જમીન કોઈપણ પ્રકારે હસ્તાંતર કરે કરાવે નહી તેમજ સદરહું જમીનમા તેમનો કાયદેસરનો હકક ડુબાડવાની કોશીષ કરી રહેલ હોઈ સદરહું કામના પ્રતિવાદીઓ દાવો ચાલે ત્યાં સુધી વાદગ્રસ્ત જમીન યથાવત પરિસ્થિતિ જાળવી રાખે તેવો કામચલાઉ મનાઈહુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. તેઓ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓ વાદીની તરફેણમા અને પ્રતિવાદીઓની વિરૂઘ્ધમાં છે. જે તેઓ વાદીની માંગણી મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામા ન આવે તો તેઓ વાદીને નાણાથી આંકી ન શકાય તેવુ મોટુ નુકશાન જાય તેમ છે જયારે પ્રતિવાદીઓને કોઈપણ પ્રકારનુ નુકશાન થાય તેમ નથી.આ કામે દાદ માંગતા તેઓએ જણાવેલ છેકે અરજમા લખેલ તમામ હકીકતો ઘ્યાનમા લઈ અરજના પેરા નં.૫ મા જણાવેલ જમીનમા વાદી કાયદેસરના સીધીલીટીના વારસદારો હોઈ તેઓ વાદી નં.૧ ના સસરા, તથા વાદી નં.૨ ના દાદા કે જે પ્રતિવાદી નં.૧૩ ના ભાગમા આવતી મિલ્કતમા તેઓ વાદીનો કાયદેસરનો હકક, હિસ્સો સમાયેલો છે. અને પ્રતિવાદીઓ ભેગા મળી સદરહું જમીન હસ્તાંતર કરી દે તેમ છે. જેથી પ્રતિવાદીઓ કે તેમના એજન્ટો, પ્રતિનીધીઓ, માણસો, તેઓ વાદીની સંમતિ સિવાય કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, બક્ષીસ, કે ગીરો કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો આ દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કામચલાઉ મનાઈહુકમ આપવા તથા તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા રજૂઆત કરેલ છે.

(૨).. આ કામે વાદી દ્વારા આંક–૪/૧ ના લીસ્ટથી માર્ક– ૪/૬ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા.

| અનુ. નં | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧ | મોજે ઈજપુરા (જેઠાજી)નાં ખાતા નં.૨૮૯ નો ઉતારો |
| ૨ | મોજે ઈજપુરા (જેઠાજી)નાં રે.સ.નં.૨૧ નો ૭/૧૨ નો ઉતારો |
| ૩ | મોજે ઈજપુરા (જેઠાજી)નાં ખાતા નં.૯૯૭ નો ૮ અ નો ઉતારો |
| ૪ | મોજે ઈજપુરા (જેઠાજી)નાં રે.સ.નં.૮ નો ૭/૧૨ નો ઉતારો |
| ૫ | ક્રી.પર.અ.નં.૭૧૯/૨૦૨૧ નાં કામે થયેલ હુકમની નકલ |
| ૬ | ક્રી.પર.અ.નં.૭૧૯/૨૦૨૧ નાં કામે થયેલ હુકમની રકમ વસુલાત માટે કરેલ અરજની |

(૩).. ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓને નોટીસ બજતા પ્રતિવાદી નં.૧૨ તથા ૧૩ નાઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. જેઓએ આંક–૧૨ થી તેઓનો જવાબ રજુ કરેલ છે જેમાં વાદીની દાવા તથા મનાઈ અરજીની મહતમ હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છેકે મોજે ઈજપુરા (જેઠાજી) તા.જોટાણા જિ.મહેસાણા ખાતા નં.૨૮૩ થી ચાલતો રે.સર્વે નં.૨૧ હે.આરે. ચો.મી. ૨–૭૦–૦૯ તથા ખાતા નં.૯૯૭ થી ચાલતો રે.સર્વે નં.૮ હે.આરે.ચો.મી. ૨–૨૪–૦૬ વાળી બંને મિલકતોમા સંયુકત ખાતાની વણવહેંચાયેલી આવેલી છે. સદર રે.સર્વે નં.૮ મા પ્રતિવાદી તરીકે પટેલ નરસિંહભાઈ શિવરામભાઈને પક્ષકારો તરીકે જોડવામા આવેલ નથી. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૧૧ તથા ૧૬ નાઓને સદર દાવામા કોઈપણ જાતનુ લેવા દેવા ન હોવા છતા પણ ખોટી રીતે પક્ષકારોમાં જોડેલ છે. જેથી પણ સદર દાવામા વધારાના પક્ષકાર જોડેલ હોઈ હાલનો દાવો રદ થવાને પાત્ર છે. સદર મિલકતોમા પ્રતિવાદી નં.૧૪ પટેલ બિપિનકુમાર મહેન્દ્રભાઈનુ નામ કોઈપણ જગ્યાએ ચાલતુ ન હોવા છતા પણ સદર દાવામા તેઓને પક્ષકાર તરીકે જોડેલ છે. જેથી પણ સદર દાવામા પક્ષકારની ખામી હોઈ ઓર્ડર ૭ રૂલ–૧૧ નીચે પણ દાવો આપોઆપ નિકળી જવાને પાત્ર છે. તેઓ પ્રતિવાદી નં.૧૩ નાઓએ પ્રતિવાદી નં.૧૪ પટેલ બિપિનકુમાર મહેન્દ્રભાઈ જે તેમનો દિકરો થાય છે જે તેમના કહયામા ન હોઈ તેમની મિલકતોમાંથી બેદખલ કરેલ છે. અને તેમનુ ઘર છોડીને ઘણા સમયથી નીકળી ગયેલા છે જે બાબતે તેઓએ દૈનિક પેપરમાં નોટીસ આપેલી હતી. વાદીના દાવા અરજ પેરા ૧૦ ની દાદ અ,બ,ક,ડ તથા કામ ચલાઉ મનાઈ હુકમ અરજ પેરા ૧૦ ની

દાદ અ,બ વાદીએ માગેલ દાદ મુજબની કોઈપણ જાતની દાદ તેઓ પ્રતિવાદી નં.૧૨ તથા ૧૩ વિરૂઘ્ધ મેળવવા હકકદાર નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ હુકમ અરજ ખર્ચસહ નામંજુર કરવા રજૂઆત કરેલ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓ પ્રતિવાદી નં.૧ થી ૧૬ ની તરફેણમા છે. જેથી વાદીની મનાઈ હુકમની અરજ રદ થવા પાત્ર છે. કુદરતી ન્યાયના સિઘ્ધાંત મુજબ પણ વાદીને કામચલાઉ મનાઈ હુકમ મળી શકે તેમ નથી. સદર કામે વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા આવે તો તેઓ પ્રતિવાદી નં.૧ થી ૧૬ ને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે. સદર કામે વાદીને મનાઈ હુકમ અરજના પેરા નં.૧૦ ના પેટા નં.અ તથા બ મા માંગેલ દાદ વાદીને મળવાપાત્ર નથી. વાદીએ નામ.કોર્ટમા ખોટી હકીકતો ઉપજાવી કાઢી દાવો દાખલ કરેલ હોઈ વાદી કર્લીન હેન્ડ રીતે નામ.કોર્ટમા આવેલ ન હોઈ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચસહ રદ થવા પાત્ર છે. ઉપર મુજબનો લેખિત જવાબ તેઓ પ્રતિવાદી નં.૧૨ તથા ૧૩ તર્ફે રજુ કરેલ છે.

(૪).. આ કામે પ્રતિવાદી નં.૧/૨, ૪/૨ થી ૪/૬, ૯/૧ થી ૯/૩, ૧/૪, ૧/૩, ૧૦/૪, ૧૦/૨, ૧૦/૧, ૧/૫, ૧/૬ તરફે તેમના વિ.વ.શ્રીનાઓએ હાજર થઇ આંક–૧૯ થી પુરસીસ રજુ કરી પ્રતિવાદી નં.૧૨, ૧૩ તરફે વાદીની દાવા અરજ તથા મનાઇ અરજ સામે રજુ લેખિત જવાબને પ્રતિવાદી નં.૧/૨, ૪/૨ થી ૪/૬, ૯/૧ થી ૯/૩, ૧/૪, ૧/૩, ૧૦/૪, ૧૦/૨, ૧૦/૧, ૧/૫, ૧/૬ તરફે લેખિત જવાબ ગણી સદર કામ આગળ ચલાવવા પુરસીસ રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદીઓ તરફે કોઈ દસ્તાવેજ રજુ થયેલ નથી.

(૫).. આ કામના ઉપરોક્ત પ્રતિવાદીઓએ આપેલ જવાબ સામે વાદી તરફે આંક–૨૧ થી કાઉન્ટર સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓએ જવાબની હકીકતો નકારી તેમની દાવા અરજીમાં જણાવેલી હકીકતોને દોહરાવેલ હોય જેનુ તેનું પુનરાવર્તન કરેલ નથી.

(૬).. આ કામે વાદીના વી.વ.શ્રીએ મનાઈ અરજના સમર્થનમાં મૌખિક દલીલ કરેલ છે અને તેઓની દાવા અરજી અને આંક–૫ ની મનાઈ અરજીના સમર્થનમાં દલીલો કરેલ છે જે ઘ્યાને લીધી. આ કામના પ્રતિવાદીના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલ કરી દાવા અરજી તથા મનાઇ અરજીની હકિકતોનો ઇનકાર કરેલ છે તથા જણાવેલ છેકે, વાદીનો દાવો ટકવા પાત્ર ના હોય સદર આંક–૫ની હંગામી મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ્દ કરવાની અરજ ગુજારેલ છે.

(૭).. The land mark judgment of Hon'ble Supreme Court of India, **Maria Margarida Sequeria Fernandese & others Versus Erasmo Jack de Seqneria**

**(Dead) through L.Rs., (2012) 5 SCC 370,** provides for the conditions for grant or refusal of an injunction.

**Grant or refusal of an injunction:–**

``**86.**Grant or refusal of an injunction in a civil suit is the most important stage in the civil trial. Due care, caution, diligence and attention must be bestowed by the judicial officers and judges while granting or refusing injunction. In most cases, the fate of the case is decided by grant or refusal of an injunction. Experience has shown that once an injunction is granted, getting it vacated would become a nightmare for the defendant. In order to grant or refuse injunction, the judicial officer or the judge must carefully examine the entire pleadings and documents with utmost care and seriousness.

``**87.** The safe and better course is to give short notice on injunction application and pass an appropriate order after hearing both the sides. In case of grave urgency, if it becomes imperative to grant an ex–parte ad interim injunction, it should be granted for a specified period, such as, for two weeks. In those cases, the plaintiff will have no inherent interest in delaying disposal of injunction application after obtaining an ex–parte ad interim injunction. The Court, in order to avoid abuse of the process of law may also record in the injunction order that if the suit is eventually dismissed, the plaintiff undertakes to pay restitution, actual or realistic costs. While passing the order, the Court must take into consideration the pragmatic realities and pass proper order for mesne profits. The Court must make serious endeavour to ensure that even–handed justice is given to both the parties.

**``88. Ordinarily, three main principles govern the grant or refusal of injunction.**

a) prima facie case;
b) balance of convenience; and

c) irreparable injury, which guide the Court in this regard.

``**89.** In the broad category of prima facie case, it is imperative for the Court to carefully analyze the pleadings and the documents on record and only on that basis the Court must be governed by the prima facie case. In grant and refusal of injunction, pleadings and documents play vital role.

Accordingly to the above land mark judgment, the applicants have to satisfy the Court that they have in their favour, the following:–

(A) Prima facie case,
(B) Balance of convenience, and
(C) Irreparable injury,

આમ, સદર કામે સૌ પ્રથમ જોવામાં આવે તો હાલની અરજી વાદી તરફે સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂ.–૧–૨ હેઠળ આપવામાં આવેલ છે તેમાં વાદી તરફે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા બાબતે હાલની અરજી આપવામાં આવેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧–૨ હેઠળ વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસ પોતાની તરફેણમાં સાબીત કરવો પડે અને જો તે સાબીત કરવામાં સફળ જાય તો તેમના દાવાના અંતિમ નિર્ણય સુધી કામચલાઉ મનાઈ હુકમ આપી શકાય.

(૮).. **–:: મુ દ્દાઓ ::–**

(૧). શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું સાબિત કરે છે?
(૨). શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?
(૩). શું વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ના આવે તો, તેઓને નાણામાં ભરપાઇ ના થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે?
(૪). શું હુકમ?
(૯) ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે.

(૧) નકારમાં,
(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**મુદ્દા નં.૧ થી ૩–**

(૧૦)..સદર કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઇ હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ઉપરોકત તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

(૧૧)..ઉપરોકત ત્રણેય મુદ્દામાં મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨ ને જોવામાં આવે તો વાદીનો કેસ પ્રથમ દર્શનીય હોવો જોઇએ. આ કામે વાદીની હાલની અરજી અને દાવાના કામે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા ઘણો વિરોધાભાસ જણાય છે. વધુમાં વાદીના દાવામાં જણાવેલ હકીકતો અને આંક–૫ નાં કામે જણાવેલ હકીકતો મુજબ ખરેખર જણાવેલ મિલકતોમાં વાદીનો હિસ્સો છે કે કેમ અને તેમાં દાખલ થવા તેઓ હક્કદાર છે કે કેમ? તેમજ પ્રતીવાદીઓ દ્વારા વાદીને હેરાન કરવાના ઈરાદે કોઈ કૃત્ય કરવામાં આવેલ છે કે કેમ? તે તમામ બાબતો પુરાવા લીધા સિવાય પ્રથમ દ્રષ્ટીએ સ્પષ્ટ થયેલ જણાતી નથી અને વાદીની તરફેણમાં પ્રથમદર્શીય કેસ હોવાની પૂરતી હકીકતો વાદી તરફે રજૂ થયેલ હકીકતો અને દસ્તાવેજો ઉપરથી સ્પષ્ટ થયેલ હોવાનું પ્રથમદર્શીય રીતે જણાતું નથી. વધુમાં વાદીને હાલમાં પ્રતિવાદીના કોઈ કૃત્યથી ખરેખર નુકશાન જાય તેમ છે તે તેઓની રજુઆતો પરથી સ્પષ્ટ થયેલ નથી. આ કામે કામચલાઉ મનાઈ હુકમ આપવા માટેના તત્વો સંતોષતા નથી અને દાવા અરજીમાં જણાવેલ હકીકતો પુરાવા લીધા સિવાય નક્કી થઇ શકે તેમ નથી. આમ, વાદી તર્ફેથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજો તથા દલીલો ધ્યાને લેતા વાદીનો કેસ પ્રથમ દર્શનીય હોય તેવુ જણાતું નથી અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં જણાતું નથી.

મુદ્દા નં.૩ અન્વયે ઈરીપેરેબલ લોસની સ્થિતિને ધ્યાને લેવામાં આવે તો આ દાવાના કામે જો વાદીને મનાઇ હુકમ આપવામાં ના આવે તો તો તેનાથી પ્રતિવાદી કરતા વાદીને વધારે નુકશાન જાય તેમ છે તેવું પણ જણાતું નથી. કારણ કે, આ વાદગ્રસ્ત મિલકતના વાદી હકક મેળવવા હક્કદાર હોય તે પુરતા પુરાવા લીધા વિના હાલના તબક્કે નક્કી થઇ શકે તેમ નથી. વધુમાં આ કામે રજુ થયેલ મૌખિક રજુઆતો અને પુરાવા ધ્યાને લેતા વાદગ્રસ્ત મીલ્કત પ્રતિવાદીઓના નામે હોવાનું જણાય છે પરંતુ તેમાં પ્રતિવાદી નં.૧૪ નું નામ જણાતું નથી. વધુમાં

વાદીને પ્રતિવાદીઓએ કોઈ પ્રતિકુળ અસરો પહોચાડેલ હોવાનું પણ હાલના તબક્કે જણાઈ આવતું નથી. વધુમાં બંને પક્ષના રેકર્ડ પરના રજુ પુરાવા સરકારી દસ્તાવેજો જોતા વાદીની રજુઆતો વધુ પુરાવા લીધા સિવાય વિરોધાભાષી જણાય છે. પ્રતીવાદીઓનું કૃત્ય ગેરકાયદેસર હોવાનું દર્શાવતો પ્રાથમિક પુરાવો રેકર્ડ પર જણાતો નથી. જેથી વાદીની હાલની હકીકતોને મનાઈ હુકમ આપવાનો આધાર બનાવી શકાય નહીં. આમ રેકર્ડ પરના પુરાવા તથા વાદીની રજુઆતો રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા વાદીને આવા તબકકે મનાઇ હુકમ ન આપવામાં આવે તો પ્રતિવાદીઓ આ વાદગ્રસ્ત મિલકત બાબતે હાલની મનાઈ અરજીમાં જણાવેલ સંજોગો ઉભા કરે તેવું જણાતું નથી. આ દાવામાં મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સની પરિસ્થિતિ પેદા થાય તેવા સંજોગો જણાતા નથી. જેથી વાદીનો કેસ પ્રાઇમાફેસી જણાતો નથી. વાદગ્રસ્ત મિલકત અંગે વાદીએ પોતાની સદર હંગામી મનાઈ હુકમની અરજીના સમર્થનમાં પૂરતી હકીકતો રેકર્ડ પર લાવેલ નથી તેવું માની શકાય તેમ છે. આ સંજોગોમાં મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ "નકારમાં" આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **--// હુ ક મ //--**

- વાદીની આંક–૦૫ ની હંગામી મનાઇ અરજી ના મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સદર હુકમ આજરોજ તા.૨૨,માહે એપ્રિલ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા:–૨૨/૦૪/૨૦૨૫
સ્થળ:– જોટાણા।

(કુ.ડી.પી.શાહ)
પ્રિન્સિપાલ સિવિલ જજ,જોટાણા.
[જજ કોડ નં. જીજે ૦૧૬૫૭]